પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન,
જેલ રોડ, વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

Azadi Ka Amrit Mahotsav

ક્રમાંક: જી/સીપી/વિશા/પરિક્ષા જાહેરનામુ/ ૭૮૮ /૨૦૨૩ તા. ૦૩/૦૨/૨૦૨૩

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૦૫/૦૨/૨૦૨૩ ના રોજ કલાક ૧૧/૦૦ થી ૧૮/૦૦ દરમ્યાન ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ઇજનેરી સેવા (સિવિલ) વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યા ઉપર ભરતી માટેની પ્રિલીમીનરી પરીક્ષા કુલ-૦૭ કેન્દ્રો ઉપર ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર નાઓ દ્વારા લેવામા આવનાર છે. જે સ્કુલો/હાઇસ્કુલોમા લેવામા આવનાર કેન્દ્રોની યાદી નીચે મુજબ છે. આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરિતીઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ સલામતિ જળવાઇ રહે તે માટે તેમજ પરીક્ષા મુક્ત અને ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરિતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હુ ડો. શમશેર સિંઘ I.P.S. પોલીસ કમિશ્નર વડોદરા શહેર, જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, અનાવિલ ભવન સામે, કારેલીબાગ વડોદરા નાઓની કચેરીના ક્રમાંક: ક-૧૦/GPSC EXAM/૨૨-૨૩/૬૮૨, તા.૦૧/૦૨/૨૦૨૩ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનુ પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/ ૧૦૮૮/ ૬૭૫૦/મ માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા.૦૫/૦૨/૨૦૨૩ (રવિવાર) નારોજ કલાક ૧૦/૦૦ થી ૧૯/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

**-: કૃત્યો :-**

વડોદરા શહેરમાં જે જે કેન્દ્રો (શાળાઓ/હાઇસ્કુલો) માં પરીક્ષા લેવાનાર છે તે તે કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તથા તા.૦૫/૦૨/૨૦૨૩ (રવિવાર)ના કલાક ૧૦/૦૦ થી ૧૯/૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઇપણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ,વોકીટોકી, કોર્ડલેશ ફોન, મોબાઇલ ફોન, વાયરલેશ વિગેરે લઇ જવા ઉપર કે ઇલેકટ્રોનીક ઉપકરણો લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમાં ૧૦૦-મીટરના અંતરમાં પરીક્ષા સમય દરમ્યાનમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓને ભેગા થવુ નહી તથા પરીક્ષા કેન્દ્રોની બહાર ૧૦૦-મીટરના અંતરમાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહી કે લાઉડસ્પીકર વગાડી શકશે નહી.

**:-વિસ્તાર:-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રની શાળાઓ/ હાઇસ્કુલોની વિગત નીચે મુજબ છે.

| અ.નં | કેન્દ્ર (સ્કુલનું નામ) | પો.સ્ટેશન |
|---|---|---|
| ૧ | શ્રી ક્રિષ્ણા હિન્દી વિધાલય, આર્યકન્યા વિધાલય પાસે,કારેલીબાગ વડોદરા. | કારેલીબાગ |
| ૨ | મહારાણી ગર્લ્સ વિધાલય ન્યુ બિલ્ડીંગ સુરસાગર પાસે વડોદરા. | રાવપુરા |
| ૩ | સર્વ મંગલ વિધ્યાલય, મેટ્રો હોસ્પીટલની બાજુમાં હરણીરોડ વડોદરા. | હરણી |
| ૪ | એલેમ્બિક વિધાલય, રીફાઇનરી રોડ, ગોરવા વડોદરા . | ગોરવા |
| ૫ | તેજસ વિધ્યાલય, ઇલોરાપાર્ક, સુભાનપુરા વડોદરા. | ગોરવા |
| ૬ | વિધુત બોર્ડ વિધાલય અગ્રેજી માધ્યમ, વિધુતનગર કોલોની, જુનાપાદરારોડ વડોદરા. | ગોત્રી |
| ૭ | લાલબહાદુર શાસ્ત્રી વિધ્યાલય સંગમ ચાર રસ્તા હરણી રોડ વડોદરા. | કારેલીબાગ |

**-: અપવાદ :-**

**આ હુકુમત માંથી નીચે જણાવેલ વ્યક્તિઓને મુક્તિ આપવામાં આવે છે.**

પરીક્ષા ફરજમાં રોકાયેલ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) ના અધિકૃત અધિકારીઓ પોતાની વિધિસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નરથી પોલીસ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો.કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું આથી આદેશ આપુ છુ. કે આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશાવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી

આજ તારીખઃ ૦૩ માહે ફેબ્રુઆરી-૨૦૨૩ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર વડોદરા શહેર, વડોદરા સત્યમેવ જયતે

**(ડો.શમશેર સિંઘ)**
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્યાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્યાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્યાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**જય ભારત સહ નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૧) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**